# DSHS ગોપનીયતા સંબંધી રીતિઓની નોટિસ ક્લાયન્ટની તબીબી માહિતી માટે

## DSHS Notice of Privacy Practices for Client Medical Information

## 23 સપ્ટેમ્બર 2013થી લાગુ

DSHS એ તમને Health Information Portability and Accountability Act (હેલ્થ ઇન્ફર્મેશન પોર્ટેબિલિટી એન્ડ અકાઉંટેબિલિટી એક્ટ - HIPAA - આરોગ્ય સંબંધી માહિતીની પોર્ટેબિલિટી અને તેના માટે જવાબદારી  સંબંધી કાયદો) હેઠળ તમારા ગોપનીયતાના અધિકારોની માહિતી આપવાની રહેશે. (45 CFR 164,520). DSHS એક “હાયબ્રિડ સંગઠન” છે.  આખું DSHS HIPAA દ્વારા આવરી લેવાતો નથી, માત્ર DSHSની વેબસાઇટ પર આરોગ્ય સંભાળ સંઘટક (હેલ્થ કેર કમ્પોનન્ટ્સ) તરીકે યાદીબદ્ધ કરાયેલ પ્રોગ્રામોજ HIPAA દ્વારા કવર થાય છે. આ નોટિસ માત્ર આ કવર થતા પ્રોગ્રામ પાસેથી સેવા પામતા ક્લાયન્ટ્સને જ લાગુ પડે છે. આ નોટિસ તમારી DSHS ની સેવાઓ માટેની પાત્રતાને પ્રભાવિત કરતી નથી.

**આ નોટિસ વર્ણવે છે કે તમારા વિશેની કેટલી તબીબી માહિતીનો ઉપયોગ કરી શકાય અને તેનું પ્રકટન કરી શકાય અને તમે આ માહિતી કેવી રીતે મેળવી શકો છો.  કૃપા કરી તેને ધ્યાનથી વાંચશો.**

**PHI શું છે?**
પ્રોટેક્ટેડ હેલ્થ ઇન્ફર્મેશન (આરોગ્ય સંબંધી સંરક્ષિત માહિતી PHI)  DSHS ના HIPAA દ્વારા આવરી લેવાતા ભાગો દ્વારા રખાયેલ ક્લાયન્ટના આરોગ્ય સંબંધી માહિતી છે. PHI તમારી સાથે સંકળાયેલી તમારી આરોગ્ય સંબંધી સ્થિતિ અથવા પરિસ્થિતિ, તમને મળતી આરોગ્ય સંભાળ અથવા તમારી આરોગ્ય સંભાળ માટે કરાતી ચુકવણી વિશેની માહિતી છે. DSHS એ કાયદાની રુએ તમારી PHI નું સંરક્ષણ કરવાનું રહેશે.

**DSHS પાસે મારા વિશે કઈ PHI છે?**
અમને તમને સેવાઓ પૂરી પાડવામાં મદદરૂપ થવા માટે, તમારે અમને તમારા સ્થાન વિશે માહિતી, આર્થિક માહિતી અથવા તબીબી રેકૉર્ડ્ઝ આપવા પડી શકે છે..   અમને તમને સેવાઓ પૂરી પાડવા માટે જરૂરી અન્ય સ્રોતો પાસેથી અથવા તમારી સંભાળ માટે ચુકવણી કરવા માટે પણ તમારા વિશે PHI મળી શકે છે.

**મારી PHI કોણ જુએ છે?**
અમે અમારે અમારું કામ કરવા માટે જેની જરૂર છે તે ઓછામાં ઓછી માત્રામાં PHI જોઈએ છીએ. અમે જો કાયદા દ્વારા તેની પરવાનગી અપાતી હોય અથવા તમે તેની મંજૂરી આપો, તો બીજા પ્રોગ્રામો અથવા વ્યક્તિઓ સાથે PHI શેર કરી શકીએ છીએ.  દાખલા તરીકે તમારી PHI હેલ્થ કેર ઑથોરિટીને તેમજ બીજા આરોગ્ય સંભાળ પ્રોવાઇડર્સને તમારી આરોગ્ય સંભાળના સંયોજન અને તેના માટે ચુકવણી કરવા માટે આપવામાં આવી શકે અને તેમના દ્વારા ઉપયોગમાં લેવામાં આવી શકે છે.  અમે અગાઉની, વર્તમાન કે ભાવી PHI શેર કરી શકીએ છીએ.

**DSHS કઈ PHI શેર કરે છે?**
અમે માત્ર તમારી એજ PHI શેર કરીએ છીએ જેની બીજાઓને પોતાનું કામ કરવા માટે જરૂર હોય અને જે રીતે તેમ કરવાની કાયદા મુજબ પરવાનગી હોય. તમે કેટલાક ઉદ્દેશ્યો માટે તમારી PHI જેમણે જોઈ હોય તેવા લોકોની એક યાદીની માંગણી કરી શકો છો.

**DSHS PHI ક્યારે શેર કરે છે?**
અમે સેવાઓના સંયોજન અને સારવાર, ચુકવણી અને આરોગ્ય સંભાળ સંબંધી કાર્યો માટે “જાણવાની જરૂરના આધારે” PHI શેર કરીએ છીએ.  દાખલા તરીકે, અમે માહિતીને આ બાબતે નિર્ણય લેવા માટે શેર કરી શકીએ કે શું:

- તબીબી સારવાર પૂરી પડાવી જોઈએ.
- અમે આરોગ્ય સંભાળ પૂરી પાડનારાઓની સેવાઓ માટે ચુકવણી કરી શકીએ છીએ.
- તમે DSHS પ્રોગ્રામ માટે લાયક છો.
- તમને તમારા પ્રોવાઇડરો પાસેથી મળતી સંભાળ કાયદાકીય માનકો પ્રમાણે છે.

**શું હું મારી PHI જોઈ શકું?**
તમે તમારી PHI જોઈ શકો છો. જો તમને માંગો, તો અમે તમને તમારી PHIની એક નકલ મેળવી આપીશું. DSHS નકલ માટે શુલ્ક લઈ શકે છે.

**શું હું મારી PHIમાં ફેરફાર કરી શકું?**
જો તમને લાગતું હોય કે તમારી PHI ખોટી છે, તો તમે અમને  PHIમાં ફેરફાર કરવા અથવા નવી ઉમેરવા કહી શકો છો.  તમે એવી માંગણી પણ કરી શકો કે અમે કોઈપણ ફેરફારોને એવા બધાં ને મોકલીએ જેમની પાસે તમારી PHIની નકલ હોય.

**જો કોઈ બીજાને મારી PHIની જરૂર પડે તો શું?**
તમને અમને તમારી PHI શેર કરવા દેવા માટે એક ફૉર્મ પર સહી કરવાનું કહેવામાં આવી શકે છે જો:

- અમારે સેવાઓ કે સંભાળ પૂરી પાડવા માટે તમારી પરવાનગીની જરૂર હોય;
- તમે ઇચ્છતા હો કે અમે કોઈ બીજી એજન્સી અથવા પ્રોવાઇડરને એવા કારણોસર તમારી PHI મોકલીએ જેની કાયદા પ્રમાણે તમારી પરવાનગી વગર મંજૂરી ન હોય;
- જો તમે કોઈ બીજા, જેમકે તમારા વકીલ, કોઈ સગાં કે બીજા પ્રતિનિધિને PHI મોકલાય એમ ઇચ્છતા હો તો.

તમારી PHI શેર કરવાની તમારી પરવાનગી તમે ફૉર્મ પર જે છેલ્લી તારીખ લખો તેના સુધી અમલમાં રહેશે. અમે માત્ર તમે જે લખો તેજ PHI શેર કરી શકીએ.  તમે આ પરવાનગીને DSHS ને પત્ર લખીને રદ કરી શકો અથવા તેમાં ફેરફાર કરી શકો

**DSHSની ક્લાયન્ટની તબીબી માહિતી માટેની ગોપનીયતા સંબંધી રીતિઓની નોટિસ**

23 સપ્ટેમ્બર 2013થી લાગુ

| | |
|---|---|
| **શું DSHS મારી પરવાનગી વિના મારી PHI શેર કરી શકે છે?** | DSHS કેટલીક પરિસ્થિતિઓમાં તમારી પરવાનગી વિના તમારી PHI શેર કરી શકે છે.  કાયદા મુજબ, અમારે તમારી PHI શેર કરવી પડી શકે અથવા અમને તેમ કરવાની પરવાનગી મળી શકે.  એમ કરવાની જરૂર પડે તેવા કેટલાંક ઉદાહરણો છે:<br>• ચાઇલ્ડ પ્રોટેક્ટિવ સર્વિસિસ, પોલિસ અથવા અન્ય એજન્સીઓને કોઈ બાળક અથવા પુખ્ત વ્યક્તિ સાથે દુર્વ્યવહારની ઘટનાઓનો રિપોર્ટ કરવો.<br>• અદાલતના હુકમ અન્વયે રેકોર્ડ પૂરાં પાડવા.<br>• DSHS ના સંચાલનની સમીક્ષા કરતી બીજી એજન્સીઓને PHI આપવી.<br>• નર્સિંગ હોમ તેમજ હૉસ્પિટલો જેવી તબીબી સુવિધાઓને લાઇસન્સ આપતી અને તેમનું નિરીક્ષણ કરતી એજન્સીઓ સાથે PHI શેર કરવી.<br>• તમારી સંભાળ રાખનારાઓ અથવા અન્ય એજન્સીઓ સાથે જરૂર પ્રમાણે એ નિર્ધારણ કરવા માટે PHI શેર કરવી કે તમે સેવાઓ અથવા બેનિફિટ્સ માટે પાત્ર છો કે કેમ.<br>• સગીરોના વાલીઓ અથવા માતા-પિતાને PHI આપવી.<br>• સંશોધન માટે PHI નો ઉપયોગ કરવો.<br>• સંકટની સ્થિતિ અથવા પ્રાકૃતિ આપદામાંથી રાહતના ઉદ્દેશ્યોથી PHI નો ઉપયોગ કરવો અથવા તેને પ્રગટ કરવી. |
| **શું હું મારી PHI શેર કરવા અને મને તે કેવી રીતે મળે તેના પર મર્યાદા સ્થાપી શકું?** | તમે અમને તમારી PHI નો ઉપયોગ કરવા અને તેને શેર કરવાને મર્યાદિત કરવા કહી શકો, પણ અમારે તે માટે સંમત થવું ફરજિયાત નથી.  તમે એવી માંગણી પણ કરી શકો કે અમે તમારી PHI કોઈ બીજા ફૉર્મેટમાં અથવા જુદા સ્થળે મોકલીએ. |
| **બ્રીચ અથવા ઉલ્લંઘન એટલે શું?** | બ્રીચ અથવા ઉલ્લંઘન એટલે કે તમારી PHI નો એવો ઉપયોગ કે પ્રગટીકરણ, જેની HIPAA હેઠળ પરવાનગી નથી, જેમાં ચોરી, ભૂલ કે હેકિંગ દ્વારા ખોવાવાનો સમાવેશ થાય છે.  જો HIPAA હેઠળ તમારી PHI નું ઉલ્લંઘન થશે, તો અમે તમને જાણ કરીશું. |
| **શું હું આ નોટિસની નકલ મેળવી શકું?** | હા.  આ નોટિસ તમારે રાખવા માટે છે.  જો તમને આ નોટિસ ઇલેક્ટ્રૉનિક રૂપમાં મળી હોય, તો તમે તેની કાગળ પર નકલની માંગણી કરી શકો છો અને અમે તમને તે આપીશું. |
| **PHIની ગોપનીયતા સંબંધી રીતિઓમાં ફેરફાર થાય તો શું?** | અમારા માટે આ નોટિસનું અનુપાલન ફરજિયાત છે.  અમને આ નોટિસમાં ફેરફાર કરવાનો હક છે.  જો કાયદા અથવા અમારી ગોપનીયતા સંબંધી રીતિ બદલાય, તો અમે તમને નવી નોટિસ વિશે માહિતી મોકલીશું અને જણાવીશું કે તે ક્યાંથી મળશે અથવા તો તમને તે મોકલી આપીશું. |
| **આ નોટિસ અથવા મારા PHI સંબંધી અધિકારો બાબતે મને જો પ્રશ્નો હોય તો હું કોનો સંપર્ક સાધું?** | જો તમને આ નોટિસ વિશે પ્રશ્નો હોય, તો તમે DSHS ના પ્રાયવસી ઑફિસર (ગોપનીયતા અધિકારી) DSHSPrivacyOfficer@dshs.wa.gov અથવા (360) 902-8278 પર સંપર્ક સાધી શકો છો. |
| **હું મારા PHIની ગોપનીયતા સંબંધી હકોના ઉલ્લંઘનનો રિપોર્ટ કેવી રીતે કરું?** | જો તમે માનતા હો કે તમારા PHI ની ગોપનીયતા સંબંધી અધિકારોનું ઉલ્લંઘન કરાયું છે, તો તમે આમની પાસે ફરિયાદ નોંધાવી શકો છો:<br><br>DSHS Privacy Officer, Department of Social and Health Services, PO Box 45135, Olympia WA 98504-5135 અથવા ઈમેલ દ્વારા DSHSPrivacyOfficer@dshs.wa.gov.  જો તમે ફરિયાદ નોંધાવો, તો DSHS તમારી સેવાઓમાં ફેરફાર કરશે નહીં કે તે બંધ કરશે નહીં અને તેમણે તમારા વિરુદ્ધ વેર લેવું જોઈએ નહીં.<br><br>**અથવા**<br><br>તમારી ફરિયાદ ઑનલાઇન અહીં જમા કરાવો: https://ocrportal.hhs.gov/ocr/cp/complaint_frontpage.jsf અથવા અહીં પત્ર લખો: Office for Civil Rights, US Department of Health and Human Services, 200 Independence Avenue, S.W., Room 509F HHH Bldg., Washington, D.C. 20201, ફોન (800) 368-1019.  DHHS ને કોઈપણ ફરિયાદ દાવો કરાયેલ ગોપનીયતાના ઉલ્લંઘનના 180 દિવસની અંદર કરાવી જોઈએ. |